# પ્રસ્તાવના

મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારત માત્ર મહાકાવ્ય નથી, પરંતુ કથારૂપે વહેતી એક વિશાળ નદી છે, જેમાંથી સંસ્કૃતિનાં અનેક ઝરણાંઓ વહે છે, દરેક ઝરણાનાં પોતાનાં વમળો છે, પોતાના રંગો અને તરંગો છે, પોતાની મીઠાશ અને ખારાશ પણ છે. મેં આ મહાનદીમાંથી નાનકડો ખોબો ભરીને મારું પોતાનું સરોવર રચવા પ્રયત્ન કર્યો છે.

આ સરોવરનું નામ છે – શિખંડી.

મહાભારત કોઈ સાધારણ ગ્રંથ નથી; તે માત્ર ફિક્શનલ ઇતિહાસ કે કાવ્યકથા નહીં, પરંતુ એક જીવંત ચેતના છે, જે ભારતની નસોમાં વહે છે – વર્ષોથી, પેઢીઓથી, સદીઓથી. આ કથામાં પ્રેમ છે અને દ્વેષ પણ, કરુણા છે અને ક્રૂરતા પણ, લોભ છે અને ઉદારતા પણ, નિર્ણય છે અને અનિર્ણય પણ, વિશ્વાસ છે અને વિશ્વાસઘાત પણ, વેર છે અને વચન પણ... અહીં સત્યના વાઘા પહેરીને ફરતું અસત્ય છે, તો ધર્મના દીવાથી પ્રકાશિત થતો અધર્મ પણ. મહાભારત એક અરીસો છે, જે મનુષ્યના તમામ ભાવોનું પ્રતિબિંબ પાડે છે.

જ્યારે કોઈ કહે કે મહાભારત માત્ર કુરુક્ષેત્રના રક્તરંજિત યુદ્ધની કથા છે, ત્યારે તેઓ ખૂબ સંકુચિત દૃષ્ટિથી જોઈ રહ્યા હોય છે. મહાભારત યુદ્ધની કથા નથી, પરંતુ યુદ્ધની આવશ્યકતાની કથા છે.

આ મહાગાથામાં દેવો છે, દૈત્યો છે, ઋષિઓ છે, યોદ્ધાઓ છે, દાસ છે, દાસીઓ છે, વેશ્યાઓ છે, બ્રાહ્મણો છે, ક્ષત્રિયો છે, શૂદ્રો છે, અને તે બધા પણ છે જેમને આ તમામ નામોની બહાર રાખવામાં આવ્યા છે. આ જ તેની વિરાટતા છે. તેમાં દરેક મનુષ્યને, દરેક વિચારને, દરેક દ્વંદ્વને સ્થાન છે. તે ન તો કોઈ એક ધર્મની એકપક્ષીય વિજયગાથા છે, ન કોઈ એક જાતિ કે વર્ગનું શૌર્યગાન, પરંતુ તે એક એવી મહાગાથા છે જ્યાં સૌની હાર છે, સૌની જીત છે, અને દરેકના અંતરમાં ક્યાંક પોતાનું આગવું કુરુક્ષેત્ર ધબકતું રહે છે.

આ જ કારણે આજેય જ્યારે કોઈ સંવેદનશીલ મનુષ્ય કોઈ ઊંડા નૈતિક દ્વંદ્વમાંથી પસાર થાય છે, ત્યારે મહાભારત યાદ આવે છે. તેનાં પાત્રો આજેય જીવંત છે. યુધિષ્ઠિર આપણામાં ત્યારે જાગે છે જ્યારે આપણે સત્ય બોલવા

ઇચ્છીએ, પરંતુ ગભરાઈએ; અર્જુન ત્યારે સામે આવે છે જ્યારે નિર્ણય લેતાં પહેલાં આપણે કંપીએ; દ્રૌપદી ત્યારે સાંભરે છે, જ્યારે સ્ત્રીઓની છડેચોક ઇજ્જત લૂંટાય છે; ગાંધારી ત્યારે સાંભરે, જ્યારે દેખાતું હોવા છતાં આંખો બંધ કરી લેવામાં આવે. કર્ણ ત્યારે ઊભો થાય છે જ્યારે જન્મથી મળેલી ઓળખ વારંવાર અપમાનિત કરે. ભીષ્મ ત્યારે સાંભરે જ્યારે કોઈ નિયમોની બેડીમાં બંધાઈને સત્ય સામેથી મોં ફેરવી લે.

આ જ હરોળમાં એક નામ એવું છે, જેને 'અલગ' રીતે જોવાયું છે – શિખંડી. તે પાત્રની મહાભારતમાં વિશિષ્ટ ભૂમિકા છે. તેનો મહાભારતમાં માત્ર એક વાર ઉપયોગ થયો, ભીષ્મને પરાસ્ત કરવા માટે, પછી કથા આગળ નીકળી ગઈ.

પૂર્વજન્મમાં અંબા નામની રાજકુમારી તરીકે જીવેલો શિખંડી, નવો જન્મ પામ્યો, પરંતુ પુરુષત્વથી વંચિત રહ્યો. મહાભારતકારે તેને એ રીતે આલેખ્યો, કેમ કે ભીષ્મનો સંહાર કરવા એક એવા પાત્રની જરૂર હતી, જે આ મહાન પ્રતિજ્ઞાવીરને સંહારી શકે. તે સ્ત્રી પર શસ્ત્ર નહોતા ઉપાડતા. શિખંડી સ્ત્રી તરીકે જન્મ્યો, પછી યક્ષ પાસેથી પુરુષત્વ પામી, પુરુષ બન્યો. પરંતુ વિડંબના એ હતી કે ભીષ્મ હજી પણ તેને સ્ત્રી જ ગણતા હતા. આજે પણ સમાજમાં અનેક શિખંડીઓ પુરુષમાંથી સ્ત્રી અને સ્ત્રીમાંથી પુરુષ બને છે, પરંતુ ભીષ્મ જેવો પ્રતિજ્ઞાબદ્ધ સમાજ તેમના નવા રૂપને સ્વીકારી નથી શકતો.

શિખંડી ભીષ્મના પરાજયનું કારણ બન્યો. વેદવ્યાસજીએ તેને એ રીતે આલેખ્યો, પરંતુ એ જીવન રહી ગયું, જે પુરુષ અને સ્ત્રી વચ્ચેના પાત્ર તરીકે જિવાયું. શિખંડીની આંતરિક પીડા તેમની કલમથી અળગી રહી. એ જ વ્યથાને વાચા આપવાનો નાનકડો પ્રયાસ છે આ કથા.

આ કથાને વધારે રસિક બનાવવા માટે એક લેખક તરીકે મેં અમુક જગાએ છૂટ લીધી છે. સોમિકા કે ધૂમ્રયોગિની જેવાં પાત્રો સર્જ્યાં છે, તો ઘટોત્કચ, અભિમન્યુ તથા અન્ય પાત્રોનો કુરુક્ષેત્રના યુદ્ધમાં પ્રવેશ, રણનીતિ, શૌર્ય અને સંરચના મેં મારી કથાને અનુકૂળ કરવા પ્રયાસ કર્યો છે. બીજ મહર્ષિ વેદવ્યાસનું છે, પણ તેને ઉછેર્યું છે મેં મારી રીતે, કેમ કે મારી કથાનો નાયક શિખંડી છે.

શિખંડી મને અનેક રીતે સ્પર્શે છે. એક સ્ત્રી તરીકે જન્મવું, બાદમાં પુરુષ થવું અને એવા યોદ્ધાને ધ્વસ્ત કરવો જેને સ્વયં પરશુરામ પણ માત નહોતા કરી શક્યા, એ નાની વાત નથી. હસ્તિનાપુર, કાશી કે કુરુક્ષેત્રનું હિંસક યુદ્ધ તો બાહ્ય ઘટનાઓ છે, પણ મહાભારતનાં તમામ પાત્રોના હૃદયમાં નિરંતર એક આંતરિક યુદ્ધ અનુભવાય છે. અને આ આંતરિક યુદ્ધ એ જ ખરું મહાભારત છે.

આજે જ્યારે આપણે લિંગ, ઓળખ, જાતિ, અને ન્યાયના પ્રશ્નો સાથે રોજબરોજ ઝઝૂમી રહ્યા છીએ, ત્યારે શિખંડી ઘણી બધી રીતે પ્રાસંગિક થઈ જાય છે. આજે પણ જ્યારે ટ્રાન્સજેન્ડરોને વારંવાર અપમાનિત કરવામાં આવે છે; સ્ત્રીઓના હક-અધિકાર-ઇચ્છાને અવગણવામાં આવે છે; સામજના નિશ્ચિત માળખામાં ન બેસતી વ્યક્તિને ઢાંચાની બહારની ગણીને હડધૂત કરવામાં આવે છે; ત્યારે ક્યાંક અદૃશ્ય રીતે શિખંડી બોલી ઊઠે છે, ‘હું તમારો ભૂતકાળ છું, અને વર્તમાન પણ.’

16-10-2025, શિકાગો, અમેરિકા. **– અનિલ ચાવડા**

# અધ્યાય 2

## ખંડ 1

પાંચાલના આકાશમાં એ રાતે ચંદ્ર કંઈક વધારે પડતો મોટો અને ચમકદાર જણાઈ રહ્યો હતો. તેના અજવાળામાં એક પ્રકારનું વિશેષ તેજ હતું, જાણે તે નગરના પ્રત્યેક ખૂણે ફેલાયેલા ઉત્સાહને પોતાની ચાંદનીથી આશીર્વાદ આપવા માગતો હતો. રાજમહેલના ઊંચા ગુંબજોથી લઈને છેક ગંગાઘાટની સીડીઓ સુધીના પ્રત્યેક પથ્થર, પ્રત્યેક વૃક્ષ, પ્રત્યેક દીપક સુધ્ધાં આ ક્ષણની પ્રતીક્ષામાં સજીવ થઈ ઊઠ્યાં હતાં. નગરજનો પોતાનાં આંગણાંમાં આનંદથી ઓળઘોળ થઈને ઊભા હતા, અમુક તો છત પર ચડી, મહેલ તરફ મીટ માંડીને બેઠા હતા, જ્યાંથી શુભ સમાચાર આવવાની વકી હતી.

રાજમહેલ વિશેષ રીતે શણગારવામાં આવ્યો હતો. તમામ દ્વારે ચંપા અને ચમેલીની ફૂલમાળાઓ ઝૂલી રહી હતી. અને ઉંબરે ગોઠવાયેલા દીવડાની હારમાળાઓ મનોહર અજવાળું રચતી હતી. મહેલની સેવિકાઓ ઉલ્લાસમાં કશુંક ગણગણી રહી હતી. તેમનો સ્વર ધીમો હતો, પણ હૃદયની ગતિ તેજ.

રાણી પૃષતિના કક્ષમાં હિલચાલ થઈ રહી હતી. અને આ હિલચાલ જ હતી સમસ્ત ઉત્સવના કેન્દ્રમાં. રાણી પોતાની શય્યા પર સૂતી હતી. તેની આંખો વારંવાર છત પર ટાંગવામાં આવેલા લાલ રંગના લાલટેન પર જતી હતી, જે તેના પિતાએ ઘરથી વિદાય કરતી વખતે વિશેષપણે ભેટમાં આપ્યું હતું. તેના હોઠ પીડાથી ભીંસાયેલા હતા, પણ હૃદયમાં મા બનવાનો ઉલ્લાસ પણ હતો.

રાણીનો દેહ પરસેવાથી ભીનો થઈ ગયો હતો, પણ મનની સ્થિતિ કંઈક અલગ જ હતી. વારંવાર તેની દૃષ્ટિ એ દાયણ પર જતી હતી, જે વર્ષોથી તેની સાથે હતી, તે માત્ર સેવિકા નહોતી, પણ એક સાચી સખી હતી, એક મૂક પ્રહરી. એ જ દાયણ આજે મહારાણીની પ્રસૂતિનો ભાર સંભાળી રહી હતી.

દાયણ, જેનું નામ સોમિકા હતું. તે રાજમહેલની સૌથી જૂની સેવિકા

ગણાતી હતી. આ એવી સ્ત્રી હતી, જે મહારાણીના વિવાહ વખતે તેમને પિતા તરફથી મળેલી ભેટસોગાદો સાથે જ, એક ભેટ તરીકે પાંચાલ આવી હતી. તેણે જ રાણીને જગતમાં અવતારી હતી, તેનું પ્રથમ રુદન સાંભળ્યું હતું, અને આજે એ જ રાણીના દેહમાંથી પ્રગટનાર નવજીવનની સાક્ષી પણ એ થવાની હતી. તેની આંખોમાં સમર્પણ હતું, અને હાથમાં એવું કંપન, જે માત્ર અનુભવી સ્ત્રીઓના હાથમાં જ હોય છે.

મહેલનો પરિસર એ રાત્રે કંઈક અલગ જ જણાતો હતો. સામાન્ય દિવસે અહીં સ્તબ્ધતા પ્રસરેલી રહેતી હતી, પણ આજ ત્યાં ગજબની હિલચાલ હતી. એક પ્રકારનો ગરમાવો - જાણે ભીંતો પણ કાન સરવા કરીને સાંભળી રહી હોય. આકાશમાં દૂર ક્યાંક વાદળો ગરજ્યાં, પણ એ ગર્જના પણ ઢોલની થાપ જેવી જણાતી હતી.

દ્રુપદ પોતાના કક્ષમાં નહોતા. તે વારંવાર મહેલના પરિસરમાં આમથી તેમ આંટા મારી રહ્યા હતા. જાણે અવતરનાર બાળકનાં પગલાંના ભણકારા સાંભળવાની ચેષ્ટા કરી રહ્યા હોય. તેમનાં વસ્ત્રોની કિનારી પરસેવાથી ભીની થઈ ગઈ હતી અને મસ્તિષ્કને વારંવાર વસ્ત્રના છેડા વડે લૂછવું પડતું હતું. તેમની આંખોમાં ઉત્સુકતા અને ગભરામણ, બંને હતાં. તેમને ખ્યાલ હતો કે આ પ્રસૂતિ તેમના રાજ્યનું ભવિષ્ય નક્કી કરવાની છે. ક્યારેક ઊભા રહીને તે મહેલમાં લાગેલા શિવના મોટા તૈલચિત્ર તરફ નજર નાખતા, તો ક્યારેક ઝરૂખા બહાર દૂર આકાશ સામે જોતા. તેમના અધરોમાંથી કોઈ પ્રાર્થના નહોતી પ્રગટતી, પણ તેમની દૃષ્ટિમાં એક મૌન નિવેદન ફરફરતું હતું. વર્ષોની સંચિત આશાઓ એક જ દાવ પર લગાડીને બેઠેલા વીર જેવા જણાતા હતા તે.

નગરમાં ચારે તરફ મૃદંગ અને વાંસળીના મધ્યમ સૂરો વહી રહ્યા હતા. મંદિરમાં આરતીઓ થઈ રહી હતી અને પુરોહિતો વિશેષ આહુતિઓ આપી રહ્યા હતા. સૌ કોઈ એવા વારસની રાહ જોઈ રહ્યા હતા, જે દ્રુપદની ગાદી પર બેસીને નગરને નવી દિશા આપે. અનેક સેવકો મહેલની બહાર ઉપસ્થિત થઈ ગયા હતા અને દરેકની નજર મહેલના એ દ્વાર તરફ હતી, જ્યાંથી દાયણ આવીને શુભ સમાચાર આપવાની હતી. લોકોના ટોળાની વચ્ચે, પ્રજાનું પ્રતિનિધિત્વ કરતું એક બાળક શાંતિથી ઊભું હતું, હાથમાં ફૂલોની થાળી

લઈને, જાણે સ્વયં પાંચાલ પોતાના સંતાનના સ્વાગતમાં તત્પર ઊભું હોય.

રાણીના શ્વાસો તીવ્ર થઈ રહ્યા હતા. પીડા વધી રહી હતી, પણ તેમની પીડામાં કોઈ ફરિયાદ નહોતી. આ વેદના એક ગર્વસમાન હતી, એક સ્ત્રીનો વિજય, એક માની વીરતાસમાન હતી. દાયણે તેનો હાથ પકડ્યો અને આંખોથી વિશ્વાસ અપાવ્યો.

અને પછી... થોડી ક્ષણોનો વિરામ. એક ક્ષણ, રાણીની આંખો ઝબકી, અને એ ક્ષણે એક હળવી કિલકારીનો સાદ સંભળાયો. બહુ જ ધીમો, પણ એમાં જીવનનો સંપૂર્ણ ધ્વનિ સમાયેલો હતો. દાયણનો ચહેરો એકાએક ચમકી ઊઠ્યો. એના હાથ ધ્રૂજી રહ્યા હતા, અને હોઠ પર એક હળવું હાસ્ય ફરી વળ્યું હતું.

મહેલના પરિસરમાં રઘવાયું થયેલું મૌન તૂટ્યું. હવે પ્રતીક્ષા નહીં, પગરવ ગુંજતો હતો. બધી આંખો ઉત્તર દ્વાર પર મંડાઈ ગઈ. દીવડાની જ્યોતિઓ હવે સ્થિર નહોતી, નાચી રહી હતી, જાણે કોઈકે સમાચાર હવામાં વહેતા કરી દીધા હોય.

ત્યાં જ, દોડતી સોમિકા પ્રકટ થઈ. હાથમાં વીંટેલી એક મખમલી ચાદર, અને મુખ પર એવું સ્મિત જે વર્ષોના અનુભવ બાદ પણ દર વખત નવું હોય. તેણે ઊંડો શ્વાસ લીધો, દ્રુપદ સમક્ષ ઝૂકી, અને કહ્યું, 'ખૂબ ખૂબ વધામણાં મહારાજ, પ્રભુએ આપને આંગણે એક સુંદર બાળકી મોકલી આપી છે.'

થોડી ક્ષણો માટે બધું સ્થિર થઈ ગયું. એક ક્ષણ માટે આંખો પલકારો મારવાનું ભૂલી ગઈ. દ્રુપદની અંદર જાણે એક વાવાઝોડું પસાર થઈ ગયું. હોઠ ખૂલ્યા, પણ વાણી ન નીકળી. જે ક્ષણની તેઓ ક્યારના રાહ જોઈ રહ્યા હતા, તે સામે હતી, પણ રૂપ બદલીને. તેમની ભીતર કોઈ કડાકો થયો, પણ એ અવાજ બનવાને બદલે મૌન સ્વર બનીને તેમના શ્વાસમાં પરોવાઈ ગયો. તેમનાં નેત્રોની ચમક બુઝાઈ ગઈ. વર્ષોની પ્રતીક્ષા, તપ, યજ્ઞ, આરાધના બધું જાણે ધ્રૂમ્રસેરની જેમ વીખરાઈ ગયું. એવી ધ્રુમ્રસેરમાં, જે તેમના મનમાં ધૂંધળાશ ઉત્પન્ન કરતી હતી. તેમની આંખોએ ચિત્તની અંધારી ગલીમાં એક દૃશ્ય જોયું. વર્ષો પહેલાં એક ક્ષણભંગુર રાત્રિએ શિવમંદિરમાં તેમણે સંતાનપ્રાપ્તિ માટે કઠોર તપ કર્યું હતું. એ તપથી પ્રસન્ન થઈને ઘોર

રાત્રિએ હવાની લહેરની જેમ એક દિવ્યચેતના તેમની પાસે આવી હતી. સ્વયં શિવ. અને તેમણે માગ્યું હતું એવું સંતાન, જે ભારતભૂમિ પર અજોડ હોય. અને તેમના કર્ણમાં ગુંજ્યો હતો સ્વર, 'તથાસ્તુ, તારે ત્યાં એક એવું સંતાન જન્મશે, જેના દેહમાં જન્મ સમયે સ્ત્રીતત્ત્વ હશે, પણ આગળ જઈને તે તારો પુત્ર ગણાશે. તારા કુળના દીવાનું રૂપ અને તેનો પ્રકાશ બંને ભિન્ન હશે.'

શિવવચની વાણી તેમના કર્ણમાં ગુંજી ઊઠી. તેમણે એવું નહોતું ધાર્યું, કે એ સંતાન શરીરથી પણ કન્યા હશે. તેમનું મન ભીતર ને ભીતર બબડી ઊઠ્યું, 'પુત્રી આગળ જતાં પુત્ર બનશે.'

તેમની રઘવાયેલી આંખોએ એક વાર દાયણ સામે જોયું. જે હજી પણ પ્રણામની મુદ્રામાં થોડી ઝૂકીને ઊભી હતી, પણ હવે તેના સ્મિતમાં ચિંતાનો આછો રંગ પણ ઉમેરાયો હતો. જાણે તે સમજી ગઈ હોય કે આ ક્ષણ એવી નથી, જેવી રાજાએ ઇચ્છી હતી. દ્રુપદે પોતાના હોઠ ભીંસી લીધા, જાણે શબ્દોને મોંમાં જ રોકી રાખવાના પ્રયત્નો કરી રહ્યા હોય. પણ તે શબ્દો રોકાય તેવા નહોતા. તેમણે એક લાંબો શ્વાસ લીધો, અને પછી ધીમે, પણ દૃઢ સ્વરે કહ્યું, 'ઘોષણા કરો... કે પુત્ર થયો છે.'

સોમિકાની આંખ એક ક્ષણ માટે થરથરી. એ કંઈક કહેવા માગતી હતી, પણ દ્રુપદે માથું નમાવ્યું, જાણે સંવાદ હવે સમાપ્ત થઈ ગયાની ઘોષણા. 'એ કન્યા નથી,' તેમણે દોહરાવ્યું, 'એ મારા કુળનો દીપક છે. આ વાત કેવળ આપણા બંને વચ્ચે જ રહેશે. આજે, કાલે અને હંમેશાં માટે. બહાર બધા એ જ જાણવા જોઈએ કે પુત્રનો જન્મ થયો છે.'

સોમિકાએ મૌન સહમતીમાં માથું ધુણાવ્યું. પણ એની ચાલમાં હવે પહેલાં જેવો ઉત્સાહ નહોતો રહ્યો. તેના પગની ગતિ હવે ધીમી થઈ ગઈ હતી, જાણે પગમાં કોઈકે ભારે રહસ્યમયી પથ્થરો બાંધી દીધા હોય. મહેલની તોતિંગ ભીંતોની વચ્ચે એ રાત્રે જે ગૂઢ રહસ્ય પર પડદો પડ્યો, તે કોઈ અસત્યની એંધાણીને ડામવા માટે નહોતો, એ એક યુગની નવી શરૂઆતનો સંકેત હતો.

બીજા દિવસના પ્રથમ પ્રહરે, જેવું પૂર્વ દિશાનું પહેલું કિરણ સરિતાજળ પર પડ્યું, નગરની હવા શંખનાદ અને નગારાંઓના ધ્વનિથી ધણધણી ઊઠી. આ જાહેરાત ઢોલની દાંડી પીટીને નહોતી કરવામાં આવી, પણ હવામાં

આપોઆપ ઓગળીને અહીં પહોંચી હતી. 'પુત્રજન્મ થયો છે.' મંદિરોમાં ઘંટનાદ થવા લાગ્યા, પુરોહિતો પ્રભુની મૂર્તિને વિશેષ અર્ઘ્ય ચડાવવા લાગ્યા, નગરમાં ઠેરઠેર મીઠાઈઓ વહેંચાવા લાગી. જાણે પાંચાલની પ્રત્યેક ગલીમાં ગર્વ પ્રસરી રહ્યો હોય. મહેલના ઝરૂખામાંથી એક ધજા લહેરાઈ, વાદળી અને પીળા રંગની... જે માત્ર ઉત્તરાધિકારીના જન્મ પર લહેરાવવામાં આવતી હતી. કોઈ એમ નહોતું પૂછતું કે શિશુ કેવું છે, બધા માત્ર એ જ આનંદમાં ડૂબેલા હતા કે રાજગાદીને વારસ મળી ગયો છે.

મહેલના આંગણામાં ઊભા રહીને દ્રુપદ સહર્ષ વધામણીઓ સ્વીકારી રહ્યા હતા, પણ તેમનું મુખ એક ગુપ્ત કઠોર શાંતિથી ઢંકાયેલું હતું. તેમની દૃષ્ટિ ક્યાંક દૂર જોઈ રહી હતી. જાણે કોઈ તપસ્વી ઋષિ ભવિષ્યને નીરખવાનો પ્રયત્ન કરી રહ્યો હોય. તેમની ચારે તરફ ઉત્સવનો માહોલ હતો, પણ તે સ્વયં આ ઉત્સવથી પર હોય તેમ લાગતું હતું. ક્યારેક ક્યારેક તે મહારાણી તરફ જોતા, જે મહેલના એક ઊંચા ઝરૂખા પર બેઠી બેઠી નીચે નજર નાખી રહી હતી. તેના ચહેરા પર કોઈ સંશય નહોતો, માત્ર ધૈર્ય અને આસ્થાની દૃઢતા હતી. તેને વિશ્વાસ હતો કે આ કન્યા એક દિવસ એવો દીપક બનશે, જેની જ્યોતિની કામના તેઓ રાખી રહ્યાં છે.

રાણીના મુખ પર આછો થાક હતો, પણ તેની આભા એવી હતી, જાણે હજી હમણાં હમણાં જ તેણે બ્રહ્માંડને કોઈ ગુપ્ત યંત્રણામાંથી મુક્ત કર્યું હોય. આ ક્ષણે તે નહોતી કોઈ મહારાણી, ન તાજધારિણી. એ માત્ર મા હતી. અને આ માતૃત્વનું સુખ જ એના મુખનું તેજ બનીને ચમકી રહ્યું હતું. તેના માટે આ પ્રસવ બીજું કંઈ નહીં, પણ સ્વયં શિવના વચનનું રૂપાંતરણ હતું.

સોમિકા, જે વર્ષોથી મહારાણીના પડછાયાની જેમ સાથે રહી હતી, તેની ભૂમિકામાં એક નવી અને બહુ મોટી જવાબદારી ઉમેરાઈ હતી. તેની પાસે હતું એક એવું રહસ્ય, જેને ન તો કોઈ જોઈ શકતું હતું, ન સ્પર્શી શકતું હતું. હવે તે માત્ર દાયણ નહીં, પણ એક રહસ્યની વાહક બની ગઈ હતી. મહેલમાંથી બહાર આવતી વખતે જ્યારે પહેલી વાર તેણે સૂર્યકિરણ પોતાના મુખ પર પડતું અનુભવ્યું, તેનું મુખ અનોખા ગર્વથી પ્રકાશિત થઈ ઊઠ્યું. 'આ રહસ્ય મારી વિશેષ જવાબદારી છે.' એ મનોમન બબડી, 'જ્યાં સુધી

મારા શ્વાસ ચાલશે, ત્યાં સુધી આ રહસ્ય પર માત્ર મારો અધિકાર રહેશે, માત્ર ને માત્ર મારો... હું આ રાજ્યની સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ છું.' તેના મુખની પ્રત્યેક કરચલીમાં ગર્વની લાલિમા છલકાવા લાગી.

તે જાણતી હતી કે તે ખૂબ વૃદ્ધ થઈ ગઈ છે. તેની આંખોનું તેજ ધૂંધળું થવા લાગ્યું છે, કમર ઝૂકવા માંડી છે, પણ તેના ભીતરની જ્યોતિ આજે દીપોત્સવની માફક ઝળહળી રહી હતી. મૃત્યુ એના દ્વાર પર આવીને ઊભું હતું, પણ તે હસીને તેની સામે જોઈ રહી હતી, જાણે તેને કહી રહી હોય, 'હવે તું આવે તો મને કોઈ જ વાંધો નથી, મેં મારા જીવનનું સૌથી મહાન કાર્ય પૂર્ણ કરી લીધું છે.' હવે તેને એવું નહોતું લાગતું કે તે ખોટું બોલી, તેને લાગતું હતું કે તે ભવિષ્યના કોઈ મહારહસ્યને ધરતી પણ આણવામાં નિમિત્ત બની છે.

સોમિકા એ દિવસે મંદિરે ગઈ. શિવના એ મંદિરમાં પહોંચી, જ્યાં પાંચાલના લોકો પોતાનાં સુખ-દુઃખ પ્રભુનાં ચરણે ધરવા આવતા હતા. સોમિકા ત્યાં પોતાનો ગર્વ લઈને પહોંચી. દીવો ટમટમી રહ્યો હતો. તેની આસપાસ ન કોઈ પૂજારી હતા, ન ભક્તો. તે હતી અને શિવલિંગની પ્રતિમા હતી. તેણે શ્રદ્ધાથી બે હાથ જોડ્યા, આંખો મીંચી અને ત્યાં જ બેસી ગઈ. તેના માથા પર ચિંતા નહીં, શાંતિ હતી. તે કોઈ પ્રાયશ્ચિત્ત નહોતી કરી રહી, તે એવા સત્યનું સ્વાગત કરી રહી હતી, જે જગત સામે એક દિવસ પ્રકટ થવાનું હતું. અને ત્યારે, શિવની પ્રતિમા સામે બેઠેલી એ વૃદ્ધ દાયણની આંખમાંથી એક અશ્રુબિંદુ સર્યું, ન પશ્ચાત્તાપનું કે ન પીડાનું, પણ એવા સંતોષનું, જે કેવળ એમની આંખોમાં ઊભરાય છે, જેમને મૃત્યુ પહેલાં એવી અનુભૂતિ થઈ હોય કે મેં મારા જીવનનું મહાન કાર્ય કરી લીધું.

મંદિરની હવા ભારે થઈ ગઈ, પણ દીવાની જ્યોતિ સ્થિર હતી, જાણે અગ્નિએ સ્વયં આ ક્ષણ પર પોતાની મહોર મારી દીધી હોય.